ગાંધીનગર સમાચાર

શહેરમાં વનતંત્રના ફેન્સીંગને નવો કલર કોડ

# બેંકોમાં રોકડ ખૂટતા ગ્રાહકો પરેશાન

**દર અઠવાડિયે ૨૪ હજાર ઉપાડવાની છૂટ હોવા છતાં રોકડના અભાવે બેંકોમાંથી માત્ર બે કે પાંચ હજાર જેટલી જ રોકડ મળી રહી છે : રોકડ વ્યવહારને ગંભીર અસર**

ગાંધીનગર, તા. ૨૩

નોટબંધીની અસરો ધીમે ધીમે ઘેરી બનતી જાય છે. બેંકો પાસે રોકડ ઉપલબ્ધ ન હોવાથી ગ્રાહકોને ૨૪ હજારની નક્કી કરેલી મર્યાદામાં પણ રૂપિયા મળતા નથી. સામાન્ય નાગરિકોને પોતાના જ પૈસા લેવા માટે બેંકોના વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા છે. આમ આદમી હવે આ મુશ્કેલીઓથી કંટાળી ગયો છે.

નોટબંધીની અસર તમામ ધંધા-રોજગાર પર પડી છે. રોકડમાં ચાલતો વ્યવહાર અટકી ગયો છે. ગ્રામ્ય અર્થતંત્ર પડી ભાંગવાની તૈયારીમાં છે. બેંકોને પુરતા પ્રમાણમાં નવી નોટો ઉપલબ્ધ બનાવવામાં આવી નથી જેના પરિણામે બેંકો તેમના ગ્રાહકોને જરૂરીયાત અનુસાર રોકડ

● અનુસંધાન પાન-૭ પર




## કલેકટરની દરમ્યાનગીરીથી માણેકપુરમાં તાકીદે મળેલી નોટ્સ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના માણેકપુર ગામે બેંકમાં કેશ ખુટી પડતાં વિડ્રોઅલ તેમજ ચેઈન્જની સેવા અંગે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે કરેલી દરમ્યાનગીરી પછી બેંકિંગ સેવા પુનઃ કાર્યરત થઈ હતી.

આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના આકસ્મિક પ્રવાસે નીકળેલા જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી માણેકપુર ગામે પહોંચ્યા હતા.

તેમણે બેંક ઉપર લાગેલી લાઈન નિહાળી અને સેવાઓ અંગે પૃચ્છા કરવા જતાં ખબર પડી કે બેંકમાં કેશ જ ખલાસ થઈ જવા પામી છે. આ પછી તેમણે બેંકના ઉચ્ચ અધિકારીઓનો સંપર્ક કરી તાત્કાલિક નાણાં મોકલવા જણાવ્યુ હતુ. ૧૦ મિનિટ બાદ પુનઃ કેશ ફ્લો બેંકમાં પહોંચતા લોકો માટે બેંકિંગ સેવાઓ પુનઃ કાર્યરત થઈ હતી.

આ અધિકારીઓએ માણેકપુર ગામની શાળાની મુલાકાત લીધી હતી. તળાવ કિનારે આવેલ આ સ્કૂલની કમ્પાઉન્ડ વોલ જે તુટી ગઈ છે તેથી બાળકો માટે ઉભી થયેલી અસલામતિનો મુદ્દો ગ્રામજનોએ રજુ કર્યો હતો. આ મુદ્દે તંત્ર દ્વારા ઝડપથી કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

# નોટબંધી મામલે ભારતીય કિસાન સંઘની મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

**માર્કેટ યાર્ડ બંધ : રોકડ વ્યવ્હાર ઠપ્પ : બેંકોમાં કેશ નથી : સહકારી બેંકાના મામલે પુન : વિચારણા કરવા માંગ**

ગાંધીનગર તા ૨૩

નોટબંધીના લીધે કિસાનો પણ પરેશાન છે. નોટબંધીના લીધે પડતી હાલાકી અંગે ભારતીય કિસાન સંઘે મુખ્યમંત્રી અને રીઝર્વ બેંકના રીઝિયોનલ ડાયરેકટરને રજુઆત કરી હતી. કિસાન સંઘે આ મામલે વિવિધ ૬ જેટલા મુદ્દાઓ રજુ કરી હાડમારીને ત્વરિત નિવારવા પ્રબળ માંગણી કરી છે. બંધ માર્કેટ યાર્ડ,દુધમાં રોકડ નાણાં ન મળતા હોવાની સાથે બેંકોમાં જરૂરિયતાને ધ્યાને લઈ યુધ્ધના ધોરણે કેશ ફલો પુરો પાડવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

ભારતીય કિસાન સંઘના અધ્યક્ષ મગનભાઈ પટેલે નોટબંધી બાદ કિસાનોને પડતી હાલાકીના મામલે મુખ્યમંત્રી તેમજ આર બી આઈના રીજીયોનલ ડાયરેકટરને રજુઆત કરી છે. જેમાં માર્કેટ યાર્ડ ચાલુ થાય તો પણ કિસાનોને લાભ થાય તેમ ન હોવાનુ જણાંવી રોકડીયા વ્યવ્હારથી ચાલતા યાર્ડ માટે દૈનિક હરાજીના નાંણા કોઈ નિશ્ચિત બેંક દ્વારા તમામ તાલુકાના વેપારીઓ અને કિસાનોને મળે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે રજુઆત કરવામાં આવી છે. ઘરે બેઠા દુધનુ પેમેન્ટ મેળવતા કિસાનો માટે વ્યવ્હારો સાવ ઠપ્પ થઈ ગયા છે. પશુપાલકો પૈકી ૫૦ ટકાના ખાતા બેંકોમાં નથી. જેથી આ રકમ આપવાની વ્યવસ્થા પણ કિસાનો માટે અયોગ્ય છે. દુધના રોકડા નાંણા મળે તેવી વ્યવસ્થા કરવા માંગણી કરવામાં આવી છે. બેંકો તેમજ એ ટી એમ માંથી પૈસા મળતા નથી. કતારમાં ઉભા રહીને પણ કેશ ખુટી ગઈ હોવાનુ સાંભળવાનો વારો આવે છે. આવા સંજોગોમાં બેંકોમાં ત્વરિત અસરથી કેશ ફલો પુરો પાડવા માટે પણ જણાંવાયુ છે. સહકારી બેંકોમાં નોટબંધીના પ્રારંભના દિવસોમાં થયેલી ગેરરીતીની તપાસ કરી તુરંત નિર્ણય સંદર્ભે મુક્તિ આપવા પણ વિચારણા કરવી જોઈએ તેમ પણ સંઘે જણાંવ્યુ છે. આજની સ્થિતિ મુજબ સમીક્ષાના અંતે રોજેરોજ લેવાતા નિર્ણયોની યોગ્ય અમલવારી ચકાસવા માટે પણ મોનિટરીંગ થાય તેવી વ્યવસ્થા કરવા પણ માંગ કરવામાં આવી છે. વધુમાં કિસાન સંઘે રજુઆતમાં જણાંવ્યા મુજબ ગુજરાતમાં સહકારનુ સફળ મોડેલ દુધ અને સેવા સહાકારી મંડળીઓ આધારિત છે. જેનુ સંપુર્ણ સંકલન ૧૮ જિલ્લા મધ્યસ્થ સહાકારી બેંકા દ્વારા થાય છે. જયારે ૧૫ હજાર જેટલી સેવા ગ્રામિણ સહકારી મંડળીઓ પણ જોડાયેલી છે. સહકારી બેંકોના પ્રતિબંધના કારણે ગ્રામિણ સેવા સહકારી મંડળી આધારિત દવા ખાતર બિયારણ કે સી સી લોન ભરવા સહીતના મામલે કિસાનો મુશ્કેલી અનુભવી રહયા છે. આવા સંજોગોમાં સહકારી બેંકોના પ્રતિબંધ અંગે પણ તત્કાલ નિર્ણય કરવાની અનિવાર્યતા છે.

# રાંધેજા-લવારપુર પંચાયતને સ્વચ્છતા માટે કડક તાકીદ કરતા કલેક્ટર-ડીડીઓ

**બન્ને અધિકારીઓએ આકસ્મિક મુલાકાત લઈ લવારપુરના એસ.ટી.પી. પ્લાન્ટની પણ મુલાકાત લીધી**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના રાંધેજા અને લવારપુર ગ્રામ પંચાયતોને સ્વચ્છતા જાળવણીમાં પંચાયતો નિષ્ફળ ગઈ હોવાથી આજે કડક તાકીદ કરી સ્વચ્છતા માટે અસરકારક કામગીરી કરવા જણાવાયું છે.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આજે આ બન્ને ગામોની આકસ્મિક મુલાકાત લઈ સરપંચ અને તલાટીને આ અંગે કડક ચેતવણી આપી જણાવ્યુ છે કે જો સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ જશો તો સરપંચપદેથી દૂર કરવા સુધીની કાર્યવાહી કરવાની ફરજ તંત્રને પડશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વનતંત્રના ફેન્સીંગને નવો કલર કોડ

**શહેરની વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગ માટે નવા પોલ્સનો ઉપયોગ કરાશે : ફેન્સીંગના થાંભલાઓને નીચે લીલો તેમજ ઉપર પીળો કલર કરાશે**

ગાંધીનગર તા ૨૩

આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ શહેરમાં માર્ગો તેમજ બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. રોડ નેટવર્ક તેમજ બ્યુટીફિકેશનની કાર્યયોજના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. જયારે વનતંત્ર દ્વારા પણ શેહરમાં વન આરક્ષિત જગ્યામાં નવા થાંભલાઓ ફીટ કરી ફેન્સીંગ કરવામાં આવશે. વન વિભાગની જગ્યામાં ફેન્સીંગ કરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. જયારે નવા પોલ્સને લીલો તેમજ પીળો કલર કોડ આપવામાં આવશે. જેના પરિણામે મુખ્ય માર્ગો સહીત સેકટરને જોડતા અન્ય માર્ગોનો નઝારો પણ બદલાશે.

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ આગામી જાન્યુઆરી મહીનામાં યોજાશે જયારે વાઈબ્રન્ટ દરમિયાન દેશ દુનિયામાંથી વી વી આઈ પી મહાનુભાવો નગરની મુલાકાતે આવતા હોવાથી શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા વાઈબ્રન્ટ સમિટ માટે પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં રસ્તાના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે માર્ગોની સુધારણા ઉપરાંત બ્યુટીફિકેશનની કામગીરી પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. આ ઉપરાંત વનવિભાગ દ્વારા પણ શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોને જોડતા રસ્તાઓ આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગની કામગીરી હાથ ધરવા આયોજન કરી દેવાયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ વનતંત્ર દ્વારા શહેરમાં વનતંત્રની આરક્ષિત તમામ જગ્યામાં નવી ફેન્સીંગ ફીટ કરવામાં આવશે. આ માટે લોખંડના થાંભલા તેમજ સિમેન્ટના થાંભલાઓ પણ નવા ખરીદવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાં શૌચાલય બનાવવા સામે રહીશોનો વિરોધ

**રહેણાંક વિસ્તાર નજીક શૌચાલય ન બનાવવાની પ્રબળ માંગ : મહાનગરપાલિકાના કમિશ્નરને રજુઆત**

ગાંધીનગર તા ૨૩

સે-૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાં જુનુ શોચાલય ખંડેર અને બિનઉપયોગી બનતા તંત્ર દ્વારા તોડી નાંખવામાં આવ્યુ છે. જયારે આ ઠેકાણે હાલ નવા શોચાલયની કામગીરી હાથ ધરવામાં આવી છે. જુનુ શૌચાલય પણ ગંદકીનુ ઉદભવ સ્થાન બનતા આમ નાગરિકોમાં રોષ પ્રવર્તયો હતો. જયારે હાલ નવા શૌચાલયનુ કામ શરૂ થતા સ્થાનિક રહીશોમાં પ્રબળ વિરોધની લાગણી જન્મી છે. સ્થાનિક રહીશો દ્વારા આ રહેણાંક વિસ્તારમાં શૌચાલયની કામગીરી અટકાવી દેવા મ્યનિ કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે.

સે-૨૪ ઈન્દિરા નગરના રહીશોએ રજુઆતમાં જણાંવ્યા અનુસાર સેકટરમાં વર્ષો જુનુ શૌચાયલ ખંડેર હાલતમાં હોવાથી તંત્ર દ્વારા તોડી નાંખવામાં આવ્યુ છે. બિનઉપયોગી શૌચાલયનો દુરઉપયોગ થતો હોવાના લીધે તોડી નાંખવામાં આવ્યુ છે. જયારે હાલ રહેણાંક વિસ્તારથી માત્ર ૨૦ ફુટના અંતેર મહાનગરપાલિકા દ્વારા નવુ શૌચાલય બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે નવુ શૌચાલય બનાવાની તંત્રની ગતિવિધિઓ સામે સ્થાનિક નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે. નજીકમાં જ અસ્તિત્વ ધરાવતા અન્ય શૌચાલયનો ઉપયોગ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરના વેપારીઓ તેમજ બગીચામાં આવતા મુલાકાતીઓ કરી રહયા છે. જેથી નવુ શૌચાલય બનાવાની છે. આ વિસ્તારમા જાહેર શૌચાલયની કોઈ જરૂરિયાત ન



કોઈ અનિવાર્યતા ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં સેકટરમાં શૌચાલય બનાવાની હરકત સામે સ્થાનિક રહીશો પોતાનો વિરોધ વ્યકત કરી રહયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. શૌચાલય અગર બનાવવુ જ હોય તો રહેણાંક વિસ્તારથી દુર બનાવવા માટે પણ રહીશોએ માંગણી કરી છે.

## ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર અને રાજ્યમાં હવે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. લોકો રાત્રિ ગાળામાં ગરમ વસ્ત્રોનો ઉપયોગ કરવા લાગી ગયા છે. રાત્રે ઠંડીનો અનુભવ પણ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઠંડી હજુ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જોકે લઘુત્તમ તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. ગાંધીનગરમાં ગઈકાલે ૧૩.૨ ડિગ્રી લઘુત્તમ તાપમાનની સામે આજે ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. એટલે કે પાટનગરમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. નીચલી સપાટીએ ઠંડા પવનો હાલમાં ફુંકાઈ રહ્યા છે. તંત્ર તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી કોલ્ડ વેવ માટે જારી કરાઈ નથી. અન્ય રાજ્યોમાં ખાસ કરીને રાજસ્થાનમાં જોરદાર ઠંડીની શરૂઆત થઈ ચુકી છે ત્યારે ગુજરાત અને અમદાવાદમાં હજુ મધ્યમ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500® TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

TEACHERS REQUIRED
(Std. 11th / 12th Science English Medium)
• Coaching fo NEET - JEE
• Teaching / Assessment for Phy, Chem. Maths & Eng.
• Lab Assistant
Contact with Resume on
M. 9714821615
(Time : 9.00 am to 1.00 pm)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક કેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com